# ભિલોડા પોલીસે ફિલ્મી ઢબે કારનો પીછો કરતા બુટલેગરો કાર રોડ પર મૂકી ફરાર

ભિલોડા, તા. ૨૫

ભિલોડા પોલીસે જન્માષ્ટમી પર્વને લઈને ભિલોડાના મુખ્યમાર્ગો અને અંતરિયાળ માર્ગો પર સઘન પેટ્રોલિંગ હાથધરતાં વિદેશી દારૂ ભરી પસાર થતી મારુતિ ફ્રન્ટી કારની બાતમી મળતા બાતમી હેરાફેરી થઈ રહી હોવાની બાતમી મળતા પોલીસ સ્ટાફ સાથે વોચમાં ઉભા હતા બાતમી આધારિત મારુતિ ફ્રન્ટી કાર (ગાડી.નં - જીજે-૧૮-એસી-૩૬૨૫) પસાર થતા અટકાવવાનો પ્રયાસ કરતા કાર ચાલકે કાર ભાગવત પોલીસે



આધારિત કાર પસાર થતા પોલીસે પીછો કરતા ફિલ્મી દ્રશ્યો સર્જાયા હતા મઉં ગામ નજીક બુટલેગરો કાર રોડ નજીક મૂકી ડુંગરોમાં અદ્રશ્ય થઈ જતા પોલીસે કારમાંથી ૫૦ હજારથી વધુનો વિદેશી દારૂ ઝડપી પાડી ફરાર બે બુટલેગરોને ઝડપી પાડવા તજવીજ હાથધરી હતી

ભિલોડા પોલીસ સ્ટેશનના પીએસઆઈ એસ.એચ.પરમાર ને રાજસ્થાન રાજ્યમાંથી મારુતિ ફ્રન્ટી કારમાં વિદેશી દારૂની પીછો કરતા કારમાં સવાર બુટલેગરો મઉં ગામ નજીક કાર મૂકી ડુંગરોમાં ફરાર થઈ જતા પોલીસે કાર માંથી વિદેશી દારૂ-બિયર ટીન કુલ નંગ-૧૫૬ કીં.રૂ.૫૦૪૦૦/- નો જપ્ત કરી મારુતિ ફ્રન્ટી કીં.રૂ.૧૦૦૦૦૦/- મળી કુલ.રૂ.૧૫૦૪૦૦/- નો મુદ્દામાલ જપ્ત કરી કારમાંથી ભાગવામાં સફળ રહેલા બે બુટલેગરો સામે પ્રોહિબિશન એક્ટ હેઠળ ગુન્હો નોંધી ઝડપી પાડવા ચક્રો ગતિમાન કર્યા હતા.



# અંબાજી અને દાંતા ખાતે જન્માષ્ટમીની ઉજવણી કરાઈ

ગુજરાતના સૌથી પછાત એવા દાંતા તાલુકાના મુખ્ય મથક એવા દાંતા ગામમાં આજરોજ જન્માષ્ટમી પર્વ હોય આજે દાતા ગામ માં જગ્યા જગ્યા બજારમાં માટલી બાંધવામાં આવી હતી અને આજે લક્ષ્મીનારાયણના મંદિરેથી ભગવાન શ્રી કૃષ્ણની ભગત શોભાયાત્રા નિકાળવામાં આવી હતી,સાથે અંબાજી ના રાધા કૃષ્ણ મંદિર થી અંબાજી ધાર્મિક ઉત્સવ સેવા સમિતિ ના સહયોગથી ભગવાન શ્રી કૃષ્ણની શોભા યાત્રા નીકળી હતી અને શોભા યાત્રા મા રથ અને બેન્ડ બાજા સાથે જગ્યા જગ્યા બજારમાં માટલી ફોડી આગળ વધી હતી આજે અંબાજી અને દાંતા જય કનૈયા લાલકી ના નાદ થી ગુંજી ઉઠયું હતું. જન્માષ્ટમી પર્વ હોઈ લક્ષ્મીનારાયણના ભગવાનના મંદિરની ફૂલોથી શણગારવામાં આવ્યું હતું ત્યારબાદ વિવિધ મિત્ર મંડળ તરફથી દાતા ગામના મટકીફોડ કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો આજે મોટી સંખ્યામાં લોકો ઉપસ્થિત રહી આ કાર્યક્રમ નિહાળ્યો હતો વાહન વ્યવહાર અને ટ્રાફિક વ્યવસ્થા માટે દાતા પોલીસ આ શોભાયાત્રામાં હાજર રહી હતી , આ સાથે અંબાજી ના બજાર મા પણ આખી શોભા યાત્રા નીકળી હતી અને માટલી ફોડી ભક્તો કનૈયા ને યાદ કરતા હતા ટ્રાફિક વ્યવસ્થા માટે અંબાજી પોલીસ પણ હાજર રહી હતી.

# જલારામ મંદિર સેક્ટર-૨૯ ખાતે જન્માષ્ટમીની ઉજવણી

## રાસ-ગરબા સ્પર્ધા સાથે મટકી ફોડ અને કૃષ્ણ જન્મોત્સવ યોજાયો

લોહાણા યુવા સંગઠન અને જલારામ સેવા સમાજ દ્વારા જલારામ મંદિર સે-૨૯ ખાતે કૃષ્ણ જન્મોત્સવની ઉજવણી ધામધૂમથી કરવામાં આવી હતી. શહેરીજનો ગરબાના તાલે ઝુમી ઉઠયા હતા અને ત્યારબાદ મટકી ફોડ અને કૃષ્ણ જન્મોત્સવ કરવામાં આવ્યો હતો.




જલારામ મંદિર સે-૨૯ ખાતે જન્માષ્ટમી નિમિત્તે રાસ ગરબાનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં સમાજના સભ્યો તથા શહેરીજનોએ ઉત્સાહભેર ભાગ લીધો હતો. ગરબામાં ઉત્કૃષ્ઠ દેખાવ કરનારને સમાજ દ્વારા ઈનામો આપવામાં આવ્યા હતા. ત્યારબાદ ગોવિંદા આલા રે આલા રે ના નાદથી લોહાણા યુવા સંગઠનના સભ્યો દ્વારા મટકી ફોડનો કાર્યક્રમ યોજાયો હતો. બરાબર ૧૨ વાગ્યે મંદિરમાં શ્રીકૃષ્ણ જન્મોત્સવ અને મહાઆરતી કરવામાં આવી હતી.

કાર્યક્રમમાં ગરબામાં નિર્ણાયક તરીકે કૃણાલ શાહ, સ્નેહ પોપટ ચક્રવર્તી, ડોલી ઠક્કરે ફરજ બજાવી હતી. ખેલૈયાઓને ઈનામ અરવિંદભાઈ ઉદેચા, અલ્પાબા પરમાર તથા અમૃતભાઈ ઠક્કર દ્વારા આપવામાં આવ્યા હતા. સમગ્ર કાર્યક્રમને સફળ બનાવવા લોહાણા યુવા સંગઠનના ભરત ઠક્કર, જીગ્નેશ મજીઠિયા, ચિંતન ઠક્કર, યોગેશ દક્ષિણી, પ્રિયંક ઠક્કર, કુશ ઉદેચા, પાર્થ દક્ષિણી, શૈલેષ મજીઠીયા, પ્રિયંક જોબનપુત્રા, ગિરીશ ઠક્કર, સંજય ખખ્ખર, નિલેશ પુજારા, રાજેશ ઠક્કર, બિપીન ઠક્કર, યોગેશ માધવાણી તથા મહિલા મંડળના ઉષાબેન ઠક્કર, કુસુમબેન ઠક્કરનો વિશિષ્ટ ફાળો રહ્યો હતો. સમગ્ર કાર્યક્રમનું સંચાલન વિનોદ ઉદેચા દ્વારા કરવામાં આવ્યું હતું.

# મોડાસાની દેવલસીટી રેસિડેન્સીમાં ઘરફોડ ગેંગે ત્રીજી વાર ત્રાટકી

મોડાસા, તા. ૨૫

મોડાસા સહયોગ બાયપાસ ચોકડી નજીક આવેલી રહેણાંક



સોસાયટી અને બંગ્લોઝમાં વારંવાર થતી ચોરી લૂંટની ઘટનાઓથી નગરજનો ચિંતિત બન્યા છે કેનાલ રોડ પર આવેલી દેવલસીટી રેસિડેન્સીમાં એક મહિનામાં સતત ત્રીજી વાર બંધ મકાનોમાં ત્રાટકી લૂંટની ઘટનાને અંજામ આપી રફુચક્કર થઈ જતા સોસાયટીના રહીશોએ મોડાસા ટાઉન પોલીસ સ્ટેશનમાં સોસાયટીના રહીશોએ સુરક્ષાની માંગણી કરી હોમગાર્ડ પોઈન્ટ ફાળવવા લેખિત રજુઆત કરી હતી

અરવલ્લી જીલ્લામાં તસ્કર ટોળકી અને ઘરફોડિયા ગેંગે પડાવ નાખ્યો હોય તેમ સતત લૂંટની ઘટનાને અંજામ આપી રહ્યા છે જીલ્લામાં ચોરીની વ્યાપક ફરિયાદો ઉઠવા પામી છે જીલ્લામાં બંધ મકાન સલામત ના રહેતું હોવાની ચર્ચા ચાલી રહી છે જીલ્લામાં વારંવાર ઘરફોડ ચોરી અને વાહનચોરી ઘટના બનતા પ્રજાજનોમાં ચિંતા સાથે ફફડાટ ફેલાયો છે જીલ્લા પોલીસતંત્રએ બેકાબુ બનેલ તસ્કર ટોળકી અને ઘરફોડિયા ગેંગ ને ઝડપી પાડવામાં આવે અને નાઈટ પેટ્રોલિંગ સઘન બનાવવા પ્રબળ માંગ ઉઠી છે

મોડાસાની દેવલસીટી સોસાયટીમાં રહેતા પરેશભાઈ પટેલ અને સંદીપભાઈ ચૌહાણ જન્માષ્ટમી તહેવાર નિમિત્તે બહારગામ જતા શુક્રવારની રાત્રીએ ત્રાટકી બંનેના મકાનોના નકુચા અને તાળાતોડી ઘરમાં રહેલી તિજોરી અને કબાટમાં રહેલા રોકડ રકમ અને સોના-ચાંદીના દાગીનાની લૂંટ ચલાવી રફુચક્કર થતા સવારે બંને મકાનના તાળા તૂટેલા અને દરવાજા ખુલ્લા જણાતા આજુબાજુના રહીશોએ લૂંટ થઈ હોવાની જાણ કરતા બંને મકાન માલિકોને જાણ કરવામાં આવી હતી બંને મકાન માલીક ઘરે પરત ફરે ત્યારે લૂંટનો ચોક્કસ આંકડો જાણી શકાશે આજુબાજુના રહીશોના જણાવ્યા અનુસાર ચોરીનો આંકડો લાખ્ખો રૂપિયાને આંબી શકે છે પોલીસતંત્રને લૂંટની ઘટનાની જાણ કરવામાં આવતા રાબેતા મુજબ તપાસ હાથધરી હતી.

# ડીસાના રસાણા અને ઢુંવા ગામેથી શ્રાવણીયો જુગાર રમતા ૧૦ ઝડપાયા

ડીસા, તા. ૨૫

શ્રાવણ માસમાં બનાસકાંઠા ના ડીસા પંથક માં જુગારની પ્રવુતિ મોટા પ્રમાણ માં ફૂલી ફાલી છે તેમાંય ડીસા શહેરની સાથે ગ્રામ્ય વિસ્તારોમાં મોટા પ્રમાણમાં જુગાર ખેલાતો હોય છે આ જુગારની બદિ એ કેટલાય પરિવારોને પાયમાંલ કર્યા છે તેમછતાં શ્રાવણી સાતમ અને આઠમે જુગાર રમવાનો વણલખ્યો મહિમા વધી પડ્યો છે. જો કે, પોલિસની સતર્કતાને લઈ અનેક વાર આવા જુગાર ધામ પર રેડ કરી જુગારીઓને ઝબ્બે કરવામાં આવે છે તેમ છતાં આ પ્રવુતિને સંપૂર્ણ પણે રોકી શકાય તેમ નથી ત્યારે ગત રોજ આઠમના પાવન દિવસે અને રાત્રીના સુમારે તાલુકા પોલીસે ડીસાના રસાણા અને ઢુંવા ગામે અલગ અલગ રીતે રેડ કરતા ૧૦ જેટલા શકુનીઓ તાલુકા પોલીસના હાથે ઝડપાઈ જવા પામ્યાં હતા જેમની પાસેથી પોલીસે ૨૮ હજાર નો મુદ્દામાલ કબજે કરી જુગાર ધારા મુજબ ગુનો નોંધો વધુ કાર્યવાહી હાથ ધરી છે

### પકડાયેલ શકુની

(૧) કમાંભાઈ વિરાભાઈ દેસાઈ (૨) ઉદાજી ગલાજી ઠાકોર (૩) બબા દેવચંદજી ઠાકોર (૪)દશરથ ગોવિંદભાઈ પરમાર (૫) સુરેશ કાનજીભાઈ પરમાર તમામ રહે. મોટા રસાણા (૬) ભગુજી મનાજી ઠાકોર (૭) દિનેશ શંકરભાઈ ઠાકોર (૮) ચકુજી સંતુજી ઠાકોર (૯) બબાજી તખાજી ઠાકોર (૧૦) મદારજી ઠાકોર તમામ રહે. ગામ ઢુંવા.

# હિંમતનગરની દીકરીએ 'India's miss tgpc season -7' ફાઈનલમાં પ્રવેશ

## વિજેતા બનવા સોશ્યલ મીડિયામાં અપીલ

હિંમતનગર, તા. ૨૫

મિસ ઈન્ડિયા બનવાની બ્યુટી કોન્ટેસ્ટ માં હિંમતનગરની પુત્રી રંજના આર.પાંડેએ ફાઈનલમાં પ્રવેશ મેળવ્યો છે. તે "India's miss tgpc season -7 " નો ખિતાબ જીતવા થી થોડાક પગથિયા દૂર છે. રંજનાએ રહેવાસીઓને ઓનલાઇન વોટિંગ કરવા અપીલ કરી છે. તેણે ×હ્વક્રર્ીર્ક ેદ્વક્રદ્ધિં - ૨૦૧૯× માં ×મીજં જીદ્બૈંર્ઙ્મી×નું બિરુદ પણ જીત્યું છે. આણંદ સરદાર પટેલ યુનિવર્સિટીની પી.એમ. પટેલ કોલેજમાં ઑક્યુપેશનલ થેરપિસ્ટના તબીબનો અભ્યાસ કરી રહી છે

હિંમતનગરની રહેવાસી રંજનાએ જણાવ્યું કે તેના પિતા ટેક્સટાઈલ કંપનીમાં મેનેજર છે અને તેની માતા ગૃહિણી છે. જણાવ્યું હતું કે મિસ ઈન્ડિયા સ્પર્ધામાં ભાગ લેવાનું આ પહેલું માધ્યમ છે. તેણે કહ્યું કે તેણે ૧૯૦૦ સહભાગીઓને પાછળ છોડી ટોપ -૫૧ માં સિલેક્ટ થઈ છે. ફાઈનલ માં પહોંચવા માટે તેને વોટિંગ ની જરૂર છે. મિસ વર્લ્ડ માનુષી છિલ્લરને પોતાનું આદર્શ માનતી રંજનાએ કહ્યું કે, દેશભરની યુવતીઓ India's miss tgpc (The Great Pageant community) માં ભાગ લે છે. જણાવ્યું હતું કે આ સ્પર્ધા જીત્યા બાદ તે મિસ ઈન્ડિયાની દાવેદાર બનશે. ગણી



બધી મિસ ઈન્ડિયા અને મિસ યુનિવર્સ ને આના દ્વારા સફળતા પ્રાપ્ત થઈ છે. રંજનાએ જણાવ્યું હતુ કે તેને નાનપણથી જ મિસ ઈન્ડિયા બનવાની ઈચ્છા છે. તેનું પરિણામ સપ્ટેમ્બરના બીજા અઠવાડિયામાં આવશે. રંજનાએ કહ્યું કે જો લોકો તેનો પ્રોજેક્ટ યુટ્યુબ પર જોશે તો તે પણ વોટિંગમાં ગણાશે. તેમણે જણાવ્યું છે કે તેમનો પ્રોજેક્ટ ક્રાફ્ટ એન્ડ આર્ટ છે. તેણે તમામ લોકોને અપીલ કરી છે કે યુટ્યુબ પર તેની વિડિઓઝ જોવે અને શેર કરવી જેથી તેમને જીતવા માટે વધુમાં વધુ વોટ મળે. આ વિડિઓ જોવા માટે, તમારે યુટ્યુબ પર tgpc Ranjana સર્ચ કરવું પડશે અને તમને તેમના આર્ટ એન્ડ ક્રાફ્ટ પ્રોજેક્ટનો વિડિઓ મળશે.

# ધનસુરાના વડાગામ ઘર પાછળ જુગાર રમતા આઠ શકુનિઓ ઝડપાયા

ધનસુરા, તા. ૨૫

પવિત્ર શ્રાવણ માસ બેસતાં જ જુગારીઓ માટે જાણે મોસમ આવી હોય એમ ઠેર-ઠેર જુગારની હાટડીઓ શરૂ થઈ જતી હોય છે.અરવલ્લી જીલ્લામાં સાતમ-આઠમ પર ઠેર ઠેર લાખ્ખો રૂપિયાનો જુગાર રમાતો હોય છે અરવલ્લી જીલ્લામાં ચાલુ શ્રાવણ માસમાં જાણે શકુનિઓએ જુગાર રમવાનું છોડી દીધું હોય તેમ પોલીસતંત્રની નજરથી દૂર રહેતા પોલીસતંત્રનો ડર કે પછી દેશી-વિદેશી દારૂની જેમ શ્રાવણીઓ જુગાર પોલીસતંત્રની મીઠી નજર હેઠળ તો ખેલાઈ રહ્યો નથી ને...? ચર્ચાએ જોર પકડ્યું છે



ધનસુરાના વડાગામમાં રહેણાંક મકાનના પાછળના ભાગે કેટલાક શકુનિઓ એકઠા થઈ પૈસા પાનાંનો જુગાર રમતા હોવાની બાતમી મળતા ધનસુરા પોલીસે રેડ પાડી ૮ જુગારીઓને જુગાર રમતા ઝડપી પાડી ૮૭૫૬૦/-ના મુદ્દામાલ સાથે ઝડપી લીધા હતા પોલીસે છાપો મારતા શકુનિઓમાં ભારે નાસભાગ મચી હતી વડગામમાં જુગારની બદીએ અનેક માલેતુજાર લોકોને રોડ પર લાવીને મૂકી દીધા છે

ધનસુરા પોલીસ સ્ટેશનના ઈન્ચાર્જ પીએસઆઈ કે.એસ.સિસોદિયાએ બાતમીના આધારે વડાગામની નવરંગ સોસાયટીમાં રહેતા વિરેંદ્ર અચ્છેલાલ નિસાદ ના રહેણાંક મકાનના પાછળના ભાગે જુગાર રમતા મકાન મલિક (૧) વિરેંદ્ર અચ્છેલાલ નિસાદ (૨) ગોરખનાથ અચ્છેલાલ નિસાદ (૩) જોગીંન્દર પન્નાલાલ નિસાદ (૪)મનોજ બાલકિશન રાજભર (તમામ,રહે,વડાગામ), તથા (૫) વિક્રમભાઈ ચતુરજી પરમાર રહે નાની બોરવાઈ તા.ધનસુરા (૬) મહેશભાઈ બાબુભાઈ પરમાર, (૭) દિપકભાઈ લક્ષ્મણભાઈ સુથાર (૮) રણજીતભાઈ લલનપ્રસાદ પ્રજાપતિ (ત્રણે રહે,સોનાપુર.વડાગામ) ને ગે.કા. હારજીતની બાજીમાં લગાવેલ રૂ. ૧૬૨૪૦/- તથા કેટ નંગ-૧ કિ.રૂ. ૨૦/- , મોબાઈલ નંગ-૯ કિ.રૂ. ૧૯૫૦૦/- તથા મો.સા નંગ-૨ કિ.રૂ. ૫૦,૦૦૦/- મળી કુલ કિ.રૂ.૮૫૭૬૦/- ના મુદ્દામાલ સાથે ઝડપી પાડી ૮ શકુનિઓ વિરૂધ્ધ જુગાર ધારા કલમ-૧૨ મુજબ કાયદેસર ની કાર્યવાહી હાથધરવામાં આવી હતી.

# બનાસકાંઠામાં એનસીપી હવે ભાજપ કોંગ્રેસને હંફાવશે : બબલદાસ પટેલ

## બનાસકાંઠા જિલ્લાના પ્રમુખ તરીકે ભરતભાઇ લીંબચીયાની વરણી કરાઈ

બનાસકાંઠામાં થરાદ વિધાનસભાની પેટા ચૂંટણી સહિતની ચૂંટણીઓમાં નેશનલ કોંગ્રેસ પાર્ટી પોતાના ઉમેદવાર ઉભા રાખી ભાજપ-કોંગ્રેસને હંફાવશે. તેમ પાલનપુર ખાતે નવા જિલ્લા પ્રમુખની વરણીના કાર્યક્રમમાં એનસીપીના ગુજરાતના કાર્યકારી અધ્યક્ષે જણાવ્યું હતુ. પાલનપુર ખાતે ગુરૂવારે નેશનલ કોંગ્રેસ પાર્ટી (એન. સી. પી.)ના બનાસકાંઠા જિલ્લાના નવા પ્રમુખ તરીકે ભરતભાઈ લિમ્બાચીયાની વરણી કરવામાં આવી હતી. આ પ્રસંગે ઉપસ્થિત રહેલા પક્ષના ગુજરાત કાર્યકારી અધ્યક્ષ બબલદાસભાઈ પટેલે હતુ કે, બનાસકાંઠામાં થરાદ વિધાનસભાની પેટા ચૂંટણી સહિતની ચૂંટણીઓમાં નેશનલ કોંગ્રેસ પાર્ટી પોતાના ઉમેદવાર ઉભા રાખી ભાજપ-કોંગ્રેસને હંફાવશે.

વર્તમાન સમયે ગુજરાત અને દેશની રાજકીય સ્થિતિ ચિંતાજનક બનવા લાગી છે.ભાજપે સત્તા મેળવવા બધા જ લોકશાહી મૂલ્યોને નેવે મુકી રાષ્ટ્રવાદના ખોખરા પાયા ઉપર ઈમારત ઉભી કરવા જરાય સંકોચ કે શરમ રાખી નથી. બીજી તરફ કોંગ્રેસના ટોચના નેતાઓમાં ભાજપના વાવાઝોડાનોસામનોકરવાની ક્ષમતા જીરો બનવા માંડી છે. નવા વરાયેલા પ્રમુખ ભરતભાઈ લિમ્બાચિયાએ બનાસકાંઠા જીલ્લામાં પક્ષને વધુ મજબુત બનાવવા માટે કાર્યકરોનેસાથઆપવાઅપીલકરીહતી.

## તણ્ખો તૈયાર

● અનુસંધાન પહેલાનું ચાલુ

શકાય છે. સરકાર ઈચ્છે કે, પક્ષ અને વિપક્ષ મળીને વિશ્વ સમુદાયને એવો સંદેશ આપે છે કે, સ્થિતિ સામાન્ય બનવાની દિશામાં છે. સરકાર જાણે છે કે, ખીણમાં અંકુશોને વહેલીતકે દૂર કરવા પડશે. સમગ્ર વિશ્વ સમુદાય તરફથી કલમ ૩૭૦ને દૂર કરવામાં આવ્યા બાદ સમર્થન મળ્યું છે પરંતુ સ્થિતિ સામાન્ય બનાવવાની બાબત હજુ પણ પડકારરુપ છે. ૨૨મી સપ્ટેમ્બરથી મોદી અમેરિકા જનાર છે ત્યાં યુએનમાં મોદી વાર્ષિક કાર્યક્રમમાં ભાગ લેનાર છે જેથી સરકાર કાશ્મીર મામલાને પોતાના સ્તર પર આ પહેલા જ ખતમ કરવા માંગે છે. શનિવારના દિવસે રાહુલ ગાંધી સહિત વિપક્ષના ૧૨ નેતા શ્રીનગર એરપોર્ટ પહોંચ્યા હતા પરંતુ ત્યાંથી જ તેમને પરત મોકલી દેવામાં આવ્યા હતા. મોદી અમેરિકી પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ સાથે આવતીકાલે વાતચીત કરનાર છે જેમાં જુદા જુદા મુદ્દા પર ચર્ચા કરવામાં આવે તેવી શક્યતા પણ છે. આ બેઠકમાં પણ આ મુદ્દો ઉઠાવવામાં આવે તેવી શક્યતા દેખાઈ રહી છે. વિશ્વ સમુદાય સમક્ષ ભારત મજબૂતી સાથે ઉભા રહેવા માટે તૈયાર છે.

## મહત્વપૂર્ણ બેઠક

● અનુસંધાન પહેલાનું ચાલુ

હાલમાં જ અમેરિકી પ્રમુખ સાથે પાકિસ્તાનના વડાપ્રધાન ઈમરાન ખાને વાતચીત કરીને કાશ્મીર મામલે દરમિયાનગીરી કરવાની વાત કરી હતી.

કલમ ૩૭૦ના મુદ્દે ભારત ઉપર દબાણ લાવવા ઈમરાન ખાનના તમામ પ્રયાસો થયા હતા પરંતુ તેમને કોઈ સફળતા હાથ લાગી ન હતી. વિશ્વ સમુદાય તરફથી કલમ ૩૭૦ના મામલે ભારતને સમર્થન મળ્યા બાદ મોદીની ટ્રમ્પ સાથેની આ બેઠક મહત્વપૂર્ણ છે. સાથે સાથે કાશ્મીર મુદ્દે મધ્યસ્થી કરવા મોદીએ વાત કરી હતી તેવા ટ્રમ્પના નિવેદન બાદ આ પ્રથમ બેઠક છે.

## વિલીન

● અનુસંધાન પહેલાનું ચાલુ

દેશોમાં જીએસટી લાગૂ થઈ ચૂક્યો હતો. ભારત તેના પર ૨૦૦૨થી વિચાર કરી રહ્યું હતું. ૨૦૧૧માં યૂપીએ સરકારના તત્કાલિક નાણામંત્રી પ્રણવ મુખર્જીએ પણ આ ટેક્સ લાગૂ કરાવવાની કોશિષ કરી હતી. પરંતુ તે એનડીએની સરકાર બન્યાના ત્રણ વર્ષ બાદ ૨૦૧૭માં લાગૂ થઈ શક્યો.

એવું માનવામાં આવે છે કે ગુજરાતના ગોધરા કાંડ બાદ જેટલી એ અમુક નેતાઓમાં સામેલ છે જેમણે પાર્ટીની અંદર તત્કાલિન મુખ્યમંત્રી નરેન્દ્ર મોદીનો બચાવ કર્યો હતો. ત્યારબાદ ૨૦૦૪ થી ૨૦૧૪ વચ્ચે યૂપીએ સરકાર સમયે સોહરાબુદ્દીન એન્કાઉન્ટર કેસ, તુલસી પ્રજાપતિ એન્કાઉન્ટર કેસ, ઈશરત જહાં એન્કાઉન્ટર કેસ જેવા મામલાઓમાં મોદી અને શાહનો બચાવ કરવામાં તેઓ સૌથી આગળ રહ્યા.

## એવોર્ડ

● અનુસંધાન પહેલાનું ચાલુ

ઓર્ડર ઓફ રિનેઝન્સ' એવોર્ડ આપીને સમ્માનિત કર્યા હતા. ભારત અને બેહરીનની મિત્રતાને અંજલિરૂપે મોદીને આ એવોર્ડ આપવામાં આવ્યો છે.

બેહરીનના પાટનગર મનામા ખાતે અલ ગુડાઈબિયા મહેલમાં બેહરીનના રાજા હમાદ બિન ઈસા બિન સલમાન અલ ખલીફાએ પીએમ મોદીને 'કિંગ હમાદ ઓર્ડર ઓફ રિનેઝન્સ' એવોર્ડ આપીને સમ્માનિત કર્યા. વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ બેહરીનના આ પાટનગર શહેરમાં શ્રીનાથજી (શ્રીકૃષ્ણ) મંદિરમાં જઈને દર્શન કર્યા હતા. અખાતમાં આ સૌથી જૂના મંદિરોમાંનું એક છે.

વડા પ્રધાન જી-૭ શિખર સંમેલનમાં હાજરી આપવા ફ્રાન્સ જતા પહેલાં મનામા શહેરના આ મંદિરમાં દર્શન કરવા ગયા હતા. આ મંદિર અખંડ ભારતના સિંધ પ્રાંતમાંથી આવેલા ઠઠ્ઠાઈ હિન્દુ સમાજનાં લોકોએ બંધાવ્યું હતું. આ મંદિર લગભગ ૨૦૦ વર્ષ જૂનું છે અને તે ૧૮૧૭માં બાંધવામાં આવ્યું હતું.

મોદીએ કહ્યું અહીં પણ કૃષ્ણ ભગવાનની મોરલી તમારા હૃદયમાં ગુંજતી હશે. મારું સૌભાગ્ય છે કે કાલે હું શ્રીનાથજીના મંદિર જઈને તમારા અને યજમાન દેશની સમૃદ્ધિ અને શાંતિની કામના કરીશ. આ સમગ્ર વિસ્તારમાં સૌથી જૂનું મંદિર છે. તાજેતરમાંજ શ્રીનાથજીના આ મંદિરને ૨૦૦ વર્ષ થયા છે.

# હિંમતનગરમાં ૧૪ લાખનું મશીન પરત ન આપી વિશ્વાસઘાત કરાતા ફરીયાદ

હિંમતનગરના મોતીપુરા વિસ્તારમાં આવેલ જીઆઈડીસીમાં ત્રણ વર્ષ અગાઉ એક શખ્સે કાજુ પ્રોસેસિંગની મશીનરી ખરીદી લીધા બાદ બાકીના પૈસા વાયદા મુજબ ન આપી મશીનના માલિક સાથે રૂ. ૧૫ લાખની છેતરપીંડી કરી વિશ્વાસઘાત કર્યાની ફરીયાદ બુધવારે હિંમતનગર એ. ડીવીજન પોલીસસ્ટેશનમાં નોંધાવા પામી હતી.

આ અંગે હિંમતનગરના મહવીરનગર વિસ્તારમાં આવેલ કહાનનગરમાં રહેતા દેવસીભાઈ પુંજાભાઈ પટેલે નોંધાવેલી ફરીયાદમાં જણાવ્યા મુજબ વર્ષ ૨૦૧૬ના ડિસેમ્બર મહીનામાં તેમની જીઆઈડીસીમાં આવેલ એક શેડમાં રખાયેલ રૂ. ૧૫ લાખની કાજુ પ્રોસેસિંગની મશીનરી તેમણે વિજાપુર તાલુકાના મંડાલી ગામના જયંતીભાઈ જેઠાભાઈ મિસ્ત્રીને વેચાણ આપી હતી અને બાના પેટે રૂ. ૧ લાખ લીધા હતા.

ટ્યુકડી
જાહેર ખબર
દર ગુરુવારે-રવિવારે
ગાંધીનગર સમાચાર
ફોન : ૨૩૨૨૨૫૭૧

# 'ખેડબ્રહ્મા અંબાજી માતાનો ભાદરવી પુનમનો મેળો

આથી જાહેર જનતાને જણાવવાનું કે, ખેડબ્રહ્મા મુકામે ચાલુ વર્ષે ભાદરવી પુનમનો મેળો તા. ૭/૯/૨૦૧૯ થી ૧૪/૯/૨૦૧૯ સુધી દિન-૮ (આઠ) માટે યોજાનાર છે. આ મેળામાં શ્રીફળ, ચુંદડી, પ્રસાદ, ચા-નાસ્તો, ખાણીપીણી, પુસ્તકો, મનોરંજન આઈટમો વિગેરેના લારીગલ્લા સ્ટોલ મુકવા સદરહુ માતાજી ગામતળ તરીકે ઓળખાતી જમીનમાં ચાલુ વર્ષે પ્લોટો પાડી જાહેર હરાજીથી ફાળવવાના થાય છે. જેમાં માતાજી ગામતળની જમીનમાં પાડવામાં આવેલ પ્લોટ તા. ૭/૯/૨૦૧૯ થી ૧૪/૯/૨૦૧૯ સુધી દિન-૮ (આઠ) માટે જાહેર હરાજીથી ભાડે આપવા માટે ટાવર પાસે માતાજી ગામતળ, અંબિકા માતાજી મંદિર, ખેડબ્રહ્મા, તા. ખેડબ્રહ્મા, જી. સાબરકાંઠા મુકામે તા. ૩/૯/૨૦૧૯ (મંગળવાર)ના રોજ સવારના ૧૦.૦૦ કલાકે જાહેર હરાજી રાખવામાં આવેલ છે. સબબ હરાજીમાં રસ ધરાવનાર ઈસમોને હરાજીમાં હાજર રહેવા જણાવવામાં આવે છે. હરાજીમાં હાજર રહેનાર ઈસમોએ ફરજીયાતપણે હરાજી સ્થળ ઉપર પાસપોર્ટ સાઈઝના ૨ (બે) ફોટા, આધાર કાર્ડ અને ચુંટણી કાર્ડ રજૂ કરવાના રહેશે અન્યથા હરાજીમાં ભાગ લઈ શકશે નહી. હરાજીની શરતો હરાજી ચાલુ કરતાં અગાઉ સ્થળ ઉપર વાંચી સંભળાવવામાં આવશે.

**સ્થળ : ખેડબ્રહ્મા** **સહી/-**
**તા. ૨૩/૮/૨૦૧૯** **મામલતદાર, ખેડબ્રહ્મા**